# <u>ફોજદારી કેસ નં. ૭૧૦૬/૦૮</u>

૭. ફરીયાદપક્ષના કેસની હકીકતો ધ્યાને લીધી. તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુધ્ધ ઉપરોકત ગુન્હા અંગેનુ ચાર્જશીટ કરેલ છે.

૮. ત્યારબાદ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે પુરા પાડવામાં આવેલ અને તેઓની પ્લી આંક..... થી નોંધતા, તેઓએ સ્વૈચ્છિક રીતે અને રાજીખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે આ અંગે આંક..... થી કબુલાત પુરશીસ પણ રજુ કરેલ છે અને તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પુરતા અને વ્યાજબી કારણો હોવાનુ જણાવે છે. આરોપીને જણાવતા કે તમો ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી તેમ છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુન્હો કબુલ કરેતા હોય, કબુલાત પુરશીસ પણ રજુ કરે છે.

૯. આરોપી સામે બોમ્બે પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ............. નુ તહોમત છે. આરોપીની મૌખિક રજુઆત તેમજ કબુલાત પુરશીસ વંચાણે લેતા, આરોપી નાનીઉંમરના ગરીબ અને મધ્યમ વર્ગના માણસ જણાય છે તેમજ કુટુંબમા એકમાત્ર કમાનાર સભ્ય છે. બાળ બચ્ચાવાળા માણસ છે તેમજ ગરીબીને લીધે બચાવ કરવા સક્ષમ નથી તેમજ ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે. તેઓ જણાવે છે કે, તેઓ સામે આ પ્રથમ ગુન્હો છે તેમજ ભવિષ્ય રીજો ગુન્હો નહિં કરવાની ખાત્રી આપે છે. આમ, આરોપીએ તેઓને ઓછી સજા અને દંડ કરવા અરજ કરેલ છે. આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હો તેમજ તેઓની રજુઆત ધ્યાને લેતા, તેઓને ઓછાાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચીત જણાય છે.

૧૦. નામદાર ગુજરાત વડી અદાલતે **<u>ગુજરાત સરકાર વિરુધ્ધ નટવર હીરાચન્દ્રજી ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯</u>** ના કેસમા એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોયતો કેસની હકીકતોને ધ્યાને લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા તેમજ દંડ કરવાની સત્તા છે. સદરહુ ચુકાદાના ફકરા ૨૧ માં જણાવેલ કારણો ધ્યાને લ ેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરુપ થતો હોય તેમ જણાય છે. આથી, આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈને તેમજ કાયદાની કલમ......માં જણાવેલ સજાની જોગવાઈઓ ધ્યાને લઈને, અત્ર ેની અદાલતને આરોપીને ન્યુનતમ સજા કરવી યોગ્ય અને ન્યાયોચિત જણાય છે. આથી આરોપીને તેમજ વિધ્વાન એપીપીશ્રીને સજા અંગે સાંભળ્યા બાદ, ન્યાયના હિતમાં,નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: <u>હુકમ</u> :–**

આ કામના આરોપી જીગ્નેશભાઈ હર્ષદભાઈને ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ–૨૫૨ અન્વયે પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ ૬૬બી,૬૫એ,ઈ,૮૧,૧૧૬બી મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ પ્રત્યેક આરોપીને રૂ.૨૦૦/– (કુલ રુપિયા બસ્સો પુરા) નો દંડ કરવામાં આવે છે.

જો આરોપી દંડ ભરવામાં કશુર કરે તો દરેક ગુન્હાના દંડ બદલ દિન–૩ લેખે સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના જાત–મુચરકા અને જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ અનુસાર નિકાલ કરવો.

આજ તા:૧૦ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૧૮ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૦/૦૨/૨૦૧૮.
સ્થળ:– અમદાવાદ (રુરલ)

(ટી.એચ.પંજાબી)
એડીશનલ જયુ.મેજી.ફ.ક.
અમદાવાદ (રુરલ) મીરજાપુર,
યુ.આઈ.ડી. નં.જીજે–૦૧૦૭૬